ભર ચોમાસે ટેન્કરરાજ : મોડાસાના દધાલિયામાં પાણીની સમસ્યા, પ્રજામાં રોષ

નલ સે જલ યોજનાના દાવા વચ્ચે વાસ્તવિક સ્થિતિ સામે આવી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧ મોડાસા તાલુકાના

દધાલિયા ગામે ભરચોમાસે પાણીની સમસ્યા ઉભી થતાં પ્રજા ટેન્કરના સહારે ઉભી છે. સરકાર દ્વારા નલ સે જલ યોજનાના દાવા થઈ રહ્યા છે ત્યાં ગામના કેટલાક વિસ્તારોમાં પીવાનું પાણી નળ દ્વારા ન આવતાં ટેન્કરથી પાણી ભરવા માટે પડાપડીના દ્રશ્યો સામે આવ્યા છે. પીવાના પાણીની સમસ્યા હલ ન થવાની સાથે ૧૫ દિ એ પાણી મળતું હોવાથી સ્થાનિક પ્રજામાં પંચાયતના સત્તાધિશો સામે રોષ સ્વાભાવિક જોવા મળી રહ્યો છે.

ચોમાસાના આરંભે ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીની સમસ્યા છતાં તંત્ર સબસલામતની કેસેટ વગાડી રહ્યું છે. વરસાદ ખેંચાતાં મોટા જળાશયો, તળાવો અને નદીઓ ખાલીખમ રહેતાં આગામી સમયમાં પાણીનું સંકટ ઘેરાવવાની દહેશત છે. મોડાસા તાલુકામાં વર્ષોથી પીવાના પાણીની સમસ્યાનો સામનો કરતા દધાલિયા ગામે પાણી પુરવઠા વિભાગની જૂથ યોજનાનો લાભ અપાતાં મહદઅંશે પાણીનું સંકટ ટળ્યું પરંતુ તાજેતરમાં પાઈપલાઈનમાં ભંગાણ સર્જાતાં ગામના અનેક વિસ્તારોમાં પીવાના પાણીની સમસ્યા ઉદ્ભવી હતી. ગ્રામ પંચાયત દ્વારા ગ્રામ પંચાયત દ્વારા તાત્કાલિક પાઈપલાઈનનું ભંગાણ દૂર કરી પાણી પુરૂ પાડવામાં આવી રહ્યાના દાવા થયા પરંતુ કેટલાક વિસ્તારોમાં ભરચોમાસે ટેન્કરરાજનાં દ્રશ્યો સામે આવ્યાં છે. એક તરફ નલ સે જલ યોજનાનો લાભ પ્રત્યેક પરિવારોને આપવામાં આવી રહ્યો છે અને સરકારનું તંત્ર આ યોજનાને સંપૂર્ણ સાકાર કરવા માટે મથી રહ્યું છે ત્યાં ગ્રામ્ય વિસ્તારમાં ચોમાસામાં પાણી..પાણીના પોકારો ઘણું બધું કહી રહ્યા છે. પંચાયતના સત્તાધિશો સૂચારૂરૂપ વહીવટ સાથે પ્રજાને નિયમિત પીવાનું પાણી મળતું હોવાના દાવા ઠોકી રહ્યા છે ત્યારે ભરચોમાસે પીવાના પાણીની ઉભી થયેલી કટોકટીથી વહીવટ સામે આંગળીઓ ચિંધાઈ રહી છે.

પાણીની પાઈપલાઈનમાં ભંગાણ સર્જાતાં સમસ્યા : સરપંચ

મોડાસા તાલુકાના દધાલિયા ગામે ભરચોમાસે પાણી..પાણીના પોકારો સાંભળવા મળી રહ્યા છે. ગ્રામ પંચાયતના સરપંચ ભાનુભાઈ પંડ્યાનો સંપર્ક કરતાં ગામને પીવાનું પાણી પુરૂ પાડતી નર્મદાની જૂથ લાઈનમાં ભંગાણ સર્જાતાં આ સમસ્યા ઉભી થઈ હતી પરંતુ હવે પંચાયત દ્વારા પાઈપલાઈનનું સમારકામ કરી પાણી પુરવઠો નિયમિત કરવામાં આવ્યો હોવાનું જણાવ્યું હતું.

જિલ્લામાં વરસાદની ખેંચ છતાં દર સપ્તાહે વધતું વાવેતર

વાવેતરના આંકડા આશ્ચર્ય સર્જી રહ્યા છે : ગ્રામ સેવક, ખેતી અધિકારી ખેતરમાં જતા નથી છતાં આંકડાની માયાજાળ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧

વરસાદની અછતમાં સિંચાઈના પાણીની ખેંચ અનુભવતા ખેડૂતો વાવેતર કરી હવે મુશ્કેલીમાં મૂકાયા છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં વરસાદ ધોધમાર વરસ્યો નથી છતાં દર સપ્તાહે ખેતીવાડી વિભાગના ચોપડે વાવેતર વિસ્તાર વધી રહ્યો છે. જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ-૪,૦૭,૧૮૩ હેક્ટર જમીનમાં ખરીફ વાવણી સંપન્ન થયાનું ખેતી વિભાગ જણાવી રહ્યો છે પરંતુ ગ્રામ સેવક કે ખેતી અધિકારીઓ ખેતરોમાં જતા ન હોવા છતાં માત્ર કચેરીમાં બેસી વાવેતરના આંકડા વડી કચેરીને મોકલી આપતા હોય તેવા આક્ષેપ શરુ થયા છે.

ખેતીની દરેક સીઝનમાં ખેતી વિભાગ દ્વારા જે તે સીઝનમાં થયેલ વાવેતર સહિત કેટલા હેક્ટરમાં કુલ વાવેતર થયું છે તેના આંકડા મોકલવામાં આવતા હોય છે. પરંપરાગત રીતે જાણે કે આગળ પાછળ આંકડા ઓછા વધતા કરી રિપોર્ટ ગાંધીનગર કચેરીને મોકલી અપાતો હોય છે. આ વખતે ખરીફ સીઝનની શરૂઆત થઈ ત્યાંથી ચોમાસુ ઢચુપચુ રહ્યું. વાવેતરના આરંભે સાર્વત્રિક વરસાદ વરસ્યો પરંતુ જેમ જેમ ખરીફ વાવેતર આગળ ધપ્યું તેમ વરસાદે રીસામણાં લીધાં છે. સાબરકાંઠા જિલ્લામાં ૨,૨૨,૩૬૦ અને અરવલ્લી જિલ્લામાં ૧,૮૩,૮૨૩ હેક્ટર જમીનમાં વાવેતર પૂર્ણ થયાનું ખેતી સૂત્રે જણાવી રહ્યા છે. સરકારી આંકડા ઉપર વિશ્વાસ રાખીએ તો દર સપ્તાહે વાવેતર વિસ્તાર વધી રહ્યો છે. બંન્ને જિલ્લામાં વરસાદ ખેંચાતાં ખરીફ ખેતી સંકટમાં મૂકાઈ છે. ખેડૂતોને સિંચાઈનાં પાણી આપવાની ફરજ પડ્યા પછી બિનપિયત વિસ્તારોમાં ખેડૂતોએ વરસાદની અનિશ્ચિતતાથી વાવેતર અટકાવ્યું છે છતાં બંન્ને જિલ્લામાં સરકારી ચોપડે વાવેતર વિસ્તાર વધતાં આશ્ચર્ય ઉભું થયું છે. ખેતીમાં રોગચાળો કે પછી વરસાદ, વાવાઝોડા સમયે ખેતી પાકોને વ્યાપક નુક્સાન થાય ત્યારે ગ્રામ સેવક તેમજ ખેતી અધિકારી દોડતા થતા હોય છે પરંતુ સીઝનમાં રાબેતા મુજબ ખેતી પાકનું વાવેતર આરંભાય તે સમયે ભાગ્યે જ કોઈ અધિકારીઓ ખેતરમાં ડોકાતા નથી છતાં દર વર્ષે વાવેતર વિસ્તારના આંકડાની માયાજાળ રચાતી હોય છે.

જિલ્લાના એક સમયના રંગીન મિજાજ

ભાજપ આગેવાનની સીડી તૈયાર, મસ્તી ભરી ૩૨ મીનીટની સીડી સનસનાટી મચાવશે

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૧૧

જિલ્લાના એક સમયના રંગીન મિજાજ ભાજપ આગેવાનની ૩૨ મીનીટની સીડી જો તેને બતાવવામાં આવે તો આખા પરિવારને આત્મહત્યા કરી લેવી પડે તેવી સ્ફોટક સ્થિતિ નિર્માણ થઈ શકે છે. બીજાને પછાડવા જતાં પોતાની બકરી ડબામાં આવી ગયા જેવો ઘાટ ઘડાયો છે. લાગે છે કે રાજકીય રીતે કેટલાકની પાપાચારી લીલાનો ઘડો ભરાઈ ગયો છે અને તે હવે ઉભરાઈ જવાની તૈયારીમાં છે.

બીજાને પછાડવા જતાં પોતાની બકરી ડબામાં આવી ગયા જેવો ઘાટ

રાજકારણમાં સારા માણસનું કામ નથી..આવું દાયકાઓથી સાંભળવા મળ્યું છે. ભાજપના સિદ્ધાંતોથી પ્રેરાઈ રાજકારણમાં નહીં જોડાવવાનો સંકલ્પ લેનારા અનેક લોકોએ ભાજપમાં પ્રવેશ મેળવ્યો છે. જેના કારણે ભાજપ આજે વિશ્વનો સૌથી મોટો રાજકીય પક્ષ બન્યો છે. જ્યારે કોંગ્રેસની જેમ ભાજપના કેટલાક આગેવાનોના રંગરેલીયાં બહાર આવી રહ્યાં છે. ત્યારે કહેવાય છે કે જિલ્લાના એક સમયના ભાજપ આગેવાનને અત્યારે પોતાનું અસ્તિત્વ ટકાવવા માટે અનેકને ઉખાડી ફેંકવા માટે હઠ લીધી છે. પરંતુ મહાશયને ખબર નથી કે અગાઉના વર્ષોમાં તમે આચરેલાં કરતૂતો પૈકી એક કરતૂત કેમેરામાં કેદ થઈ ગયું છે. ૩૨ મીનીટની ચકચાર જગાવતી સીડીમાં લેંઘા-જભ્ભા ધારીને કાં તો અજ્ઞાતવાસમાં જતું રહેવું પડે નહીંતર આત્મહત્યા કરવી પડે તેવી સ્થિતિ લાવી શકે છે. ભાજપના જ એક આગેવાને દાવો કર્યો છે કે આવનારા દિવસોમાં તેમનું પાપ છાપરે ચઢીને પોકારી શકે છે. અત્યારે તો સિદ્ધાંતવાદી ગણાતા અનેક નેતાઓ અને સાધુઓની પાપાચાર લીલા જે રીતે બહાર આવી રહી છે તે જોતાં વિશ્વાસ કોના ઉપર કરવો..??

છેતરપીંડીના ગુનામાં છેલ્લા બે વર્ષથી નાસતા-ફરતા આરોપી ઝડપાયો

બનાસકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષક તરુણકુમાર દુગ્ગલની સૂચના આધારે પેરોલ ફર્લો સ્કોડના પીએસઆઈ કે.કે.પાટડીયા સ્ટાફના એ.એસ.આઈ. ઐયુબખાન, નિકુલસિંહ, સંજયભાઈ, સંજયકુમાર, રમેશભાઈ સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં નાસતા ફરતા આરોપીઓની તપાસમાં હતા.દરમિયાન ટીમ ને મળેલ ખાનગી હકીકત આધારે અમદાવાદ સોલા પોલીસ સ્ટેશનના છેતરપિંડીના ગુનામાં છેલ્લા બે વર્ષથી નાસતા ફરતા આરોપી જગદીશભાઈ વિરચંદભાઈ નાઈ રહે, મૂળ માહી તા.વડગામ હાલ રહે. સીતારામ ચોક, કૃષ્ણનગર ચોક, નરોડા, અમદાવાદ, કૃષ્ણનગર મુકામેથી દબોચી લીધો હતો.

સાબરકાંઠા જિલ્લામાં ગેરકાયદે કતલખાનાં મુદ્દે હિન્દુ સંગઠનોમાં રોષ

હિંમતનગર, ભિલોડામાં આવેદનપત્ર અપાયાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના જિલ્લા અને તાલુકા મથકો ઉપર ગેરકાયદે ધમધમતાં કતલખાનાં બંધ કરાવવા મુદ્દે હિન્દુ સંગઠનો મેદાનમાં આવ્યા છે. ગત રોજ હિંમતનગર અને ભિલોડામાં સંગઠનના કાર્યકરો દ્વારા વહીવટી તંત્રને આવેદનપત્ર પાઠવી શ્રાવણ માસમાં માંસ-મચ્છીનું જાહેરમાં વેચાણ તેમજ ગેરકાયદે કતલખાનાં બંધ કરાવવા માટે રજૂઆત કરવામાં આવી છે. હિંમતનગરમાં કતલખાના બંધ કરવામાં નહીં આવે તો સંગઠન દ્વારા રોડ ઉપર રામધૂન પર બેસવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

જિલ્લામાં ગેરકાયદે કતલખાનાંમાં મૂંગા પશુઓને મોતને ઘાટ ઉતારી માંસનો જથ્થો ચોક્કસ વાહનોમાં અમદાવાદ સહિતના વિસ્તારોમાં મોકલવામાં આવી રહ્યો છે. વહીવટી તંત્રની કૂણી નજરના કારણે હમણાંથી તાલુકા અને જિલ્લા મથકો ઉપર ગેરકાયદેસર કતલખાનાઓનો રાફડો ફાટ્યો છે. જેમાં પ્રતિબંધિત પશુઓની કતલ થતી હોવાની પણ ફરિયાદ છે. કતલખાનાઓ મુદ્દે હવે હિન્દુ સંગઠનો મેદાનમાં આવ્યાં છે. હિંમતનગર અને ભિલોડામાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરીષદ, રાષ્ટ્રીય બજરંગ દળ તેમજ વિશ્વ હિન્દુ પરીષદ સહિતના કાર્યકરો દ્વારા વહીવટી તંત્રને કતલખાનાં બંધ કરાવવા મુદ્દે લેખિત આવેદનપત્ર આપવામાં આવ્યાં છે. છેલ્લા ઘણા સમયથી જાહેરમાં માંસ-મચ્છીનું વેચાણ થઈ રહ્યું છે અને હવે શ્રાવણ માસમાં પણ આ પ્રવૃત્તિ ચાલતી હોવાના કારણે સંગઠનોમાં વ્યાપક રોષ પ્રવર્તિ રહ્યો છે.

કાર્યક્રમના આયોજન માટે હિંમતનગર ખાતે બે જીલ્લાના હોદ્દેદારોની બેઠક યોજાઈ

સાબરકાંઠા જીલ્લામાં ૧૭ ઓગષ્ટના રોજ કેન્દ્રીય મંત્રી દેવુસિંહ ચૌહાણ જન આર્શીવાદ યાત્રામાં જોડાશે

હિંમતનગર તા.૧૧

ભારત સરકારના કેન્દ્રીય મંત્રી દેવુસિંહ ચૌહાણ આગામી ૧૭મી ઓગષ્ટે સાબરકાંઠા જીલ્લામાં જન આર્શીવાદ યાત્રા માટે આવી રહ્યા છે જેના આયોજનના ભાગરૂપે આજરોજ હિંમતનગર ખાતે કચ્છી સમાજવાડી ખાતે સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લાના ભાજપના અપેક્ષીત અગ્રણીઓની બેઠકનું આયોજન કરવામાં આવેલ.

આ પ્રસંગે યાત્રાના ઈન્ચાર્જ અને પ્રદેશ ભાજપ ઉપપ્રમુખ ગોરધનભાઈ ઝડફીયાએ જણાવેલ કે, આઝાદી પછી પહેલીવાર આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈના નેતૃત્વમાં સામાન્ય પ્રજાને ભૌગોલીક પરીસ્થિતીને ધ્યાનમાં રાખીને ૪૩ માંથી ૪૦ આપણા ભાજપના મંત્રીશ્રીઓ કેન્દ્રમાં પ્રતીનીધીત્વ કરે છે સર્વ સમાજનું હિતોનું ધ્યાનમાં રાખીને સેવા કાર્યો કર્યા છે. આપણને ભારતની જનતાની સેવા કરવાની તક મળી છે કોરોના મહામારી વચ્ચે જેમ આપણે અનેક સેવા કાર્ય કર્યા, કીટો આપી- માસ્ક વિતરણ કર્યુ, સેનેટાઈઝર આપ્યા, દવાઓ આપી, સહિત અનેક કાર્યો આજે પણ આપણે કરીએ છીએ. હવે પ્રજા વચ્ચે જઈ સેવાને વધારે પ્રજ્વલીત કરીને પ્રજા વચ્ચે જવાની આ તક આપણને મળી છે જેનો મુખ્ય હેતુ યાત્રાનો આ છે. ગોરધનભાઈ ઝડફીયાએ વધુમાં જણાવેલ કે, સરકાર એ યોજના ઓની ડેમ છે એની કેનાલ કોણ બને ગરીબના ઝુંપડામાં જઈને કામ કરે એ આપણો ભાજપનો કાર્યકર્તા પ્રજાની પીડાઓને બહાર કાઢી સેવાનો ઉત્સવ એટલે આપણી આ જન આર્શીવાદ યાત્રા આયુષ્યમાન કાર્ડ યોજનામાં દેશમાં આજસુધી એક કરોડ ૯૩ લાખ લોકોએ કીડની-કેન્સર તેમજ હૃદયના ઓપરેશન કરાવ્યા છે એક પણ રૂપીયો લીધા વીના કેટલાયે લોકોને મોતના મુખેથી પાછા લાવવાનું આ માનવતાનું કામ કર્યુ છે. ગુજરાતમાં ૩૩ જીલ્લા માંથી ૨૦ જીલ્લામાં યાત્રાનો સમાવેશ કરવામાં આવેલ છે. ગોરધનભાઈ ઝડફીયાએ વધુમાં જણાવેલ કે, વિરોધ પક્ષોએ સેવા કરવાનુ કંઈ રાખ્યુ નથી.

વિરોધપક્ષો વેકસીન સસ્તી આપવાની વાત કરતા હતા પરંતુ આપણે દેશમાં તમામ લોકોને ફ્રી વેકસીન આપી પરંતુ કોંગ્રેસવાળા જે લોકો વેકસીન લેવા આવે તેમને રોકવાનું કામ કર્યુ છે. દેશ વિરોધી કૃત્યો ન કરો. સરકારે કોરોનામાં અનાથ થયેલા બાળકો માટે પણ આર્થીક સહાય કરી તેમની ચિંતા કરી છે. કોરોનામાં દેશની આર્થીક વ્યવસ્થા ભાંગી પડી કેટલાયે દીવસોથી કામ ધંધા બંધ રહ્યા છતાં પણ એકપણ વ્યક્તિને ભુખ્યા નથી રહેવા દીધા હવે આપણે પ્રજા વચ્ચે જઈ વધુમાં વધુ પ્રજાની સેવા કરીએ અને યાત્રામાં તમામ સમાજને જોડીયે. કેન્દ્ર સરકારમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ વધ્યું એ આપણા ગુજરાત માટે ગૌરવની બાબત છે. જીલ્લા ભાજપ પ્રમુખ જે.ડી.પટેલે જણાવેલ કે, સાબરકાંઠા જીલ્લામાં યાત્રા ઐતીહાસીક બની રહે તે રીતે આયોજન કરીએ આપણી સરકારે કરેલા કામો પણ પ્રજા સુધી પહોંચાડીએ યાત્રાના સહઈન્ચાર્જ અને જીલ્લા પ્રભારી ભરતભાઈ આર્યએ યાત્રાના રૂટ વિશે જણાવેલ કે, યાત્રા ઈડર તાલુકાના સુદ્રાસણાથી પ્રવેશ જાલીયા ખાતે ભવ્ય સ્વાગત તેમજ જાહેર સભા જે બપોરે ૩ થી ૪:૩૦ કલાક સુધી ત્યાંથી સીધા હિંમતનગર ટાઉન હોલમાં સાંજે ૫ : ૩૦ થી ૭ : ૦૦ કલાક સુધી સભા યોજાશે. સાંજે ૭ : ૩૦ થી ૮ પ્રાંતિજ માર્કેટયાર્ડમાં જાહેરસભા યોજાશે. ભરતભાઈ આર્ય એ વધુમાં જણાવેલ કે, ગોરધનભાઈ ઝડફીયા ખુબ મહેનત કરી પાર્ટીનો વિકાસ થાય તે માટે કામ કર્યુ છે બેઠકમાં પ્રદેશ ઉપાધ્યક્ષ કુ.કૌશલ્યાકુંવરબા પરમાર, પ્રદેશ બક્ષીપંચ મોરર્ચાના મહામંત્રી મયંકભાઈ નાયક, જીલ્લા સંગઠન પ્રભારી રેખાબેન ચૌધરી, અરવલ્લી જીલ્લા પ્રમુખ રાજુભાઈ પટેલ, પૂર્વ મંત્રી રમણલાલ વોરા, સાબરકાંઠા જીલ્લા પંચાયત પ્રમુખ ધીરૂભાઈ પટેલ, અરવલ્લી જીલ્લા પંચાયત પ્રમુખ લાલસિંહજી, સાબરકાંઠા બેંકના ચેરમેન મહેશભાઈ પટેલ, એ.પી.એમ.સી.ના ચેરમેન જેઠાભાઈ પટેલ, ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, હિતુ કનોડીયા, અરવલ્લી સંગઠન પ્રભારી ગીરીશભાઈ, જયશ્રીબેન દરજી સહીત બન્ને જીલ્લાના અપેક્ષીત હોદ્દેદારો હાજર રહેલ. જીલ્લા મહામંત્રી વિજયભાઈ પંડ્યાએ યાત્રાની વિવિધ જવાબદારી જેને સોપવામાં આવેલ છે તેની વિસ્તૃત માહિતી આપી હતી. બેઠકનું સંચાલન જીલ્લા મહામંત્રી વિજયભાઈ પંડ્યાએ કરેલ. સ્વાગત પ્રવચન જીલ્લા મહામંત્રી મહેન્દ્રસિંહ રહેવરે કરેલ.

પેટ્રોલ પંપોના વેટના નાણાંની છેતરપીંડી કરનાર એકાઉન્ટન્ટની ધરપકડ : કોર્ટે ચાર દિવસના રિમાન્ડ મંજુર

બનાસકાંઠા જિલ્લાના પાંચ પેટ્રોલ પંપના વેટ અને ઈકમટેક્સના નાણાં કચેરીમાં ભરવાની જગ્યાએ બારોબાર ચાંઉ કરી જનાર એકાઉટન્ટની ડીસા ઉત્તર પોલીસે ધરપકડ કરી હતી.બાદમાં રિમાન્ડ અર્થે કોર્ટમાં રજૂ કરતા કોર્ટે ચાર દિવસના રિમાન્ડ મંજુર કર્યા હતા. બનાસકાંઠા જિલ્લાના પાંચ પેટ્રોલ પંપના વેટ અને ઈકમટેક્સ નાણાં ઓનલાઈન ભરવાની જગ્યાએ પેટ્રોલ પંપ માલિકો પાસેથી રોકડા મંગાવી વર્ષ ૨૦૧૬-૧૭ થી વર્ષ ૨૦૨૦- ૨૧ ના નાણા કચેરીમાં જમા ન કરાવી રૂપિયા ૩.૪૬ કરોડની છેતરપિંડી કરવામાં આવી હતી.આ અંગે કંસારીના લાભ પેટ્રોલ પંપના મેનેજર કરશનભાઈ ચૌધરીએ ડીસાના ટેક્સ કન્સલ્ટન્ટના એકાઉન્ટન્ટ સામે ડીસા ઉત્તર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેમાં પોલીસે એકાઉન્ટન્ટ સાગર હરેશભાઈ બનાવાલાની આજે ધરપકડ કરી હતી. ડીસા ઉત્તર પીઆઈ જે. વાય. ચૌહાણના જણાવ્યા મુજબ સાગર બનાવાલાની ધરપકડ કરી તેને રિમાન્ડ અર્થે કોર્ટમાં રજૂ કરતા કોર્ટે ચાર દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. આ છેતરપિંડીના કેસમાં સાગર સાથે સેલટેક્સ કચેરીના કોઈ કર્મચારી સંડોવાયા છે કે કેમ ? તેમજ તે બનાવટી ચલણ ક્યાંથી બનાવતો હતો ? સહિતની તપાસ માટે પોલીસે રિમાન્ડ માંગતા કોર્ટે ૧૪ ઓગસ્ટ સુધીના રિમાન્ડ મંજૂર કર્યા છે.

ચિલોડાથી શામળાજી સુધીના હાઈવેના નવિનીકરણનું કામ ઝડપથી પૂર્ણ કરવા વડાપ્રધાનને બારૈયાનો પત્ર

હાઈવેનું કામ સંપૂર્ણ ના થાય ત્યાં સુધી ટોલ બંધ કરો : પ્રાંતિજ માર્કંડેશ્વર તથા રસુલપુર પાસે અન્ડરપાસ નહીં બને તો નાગરિકોને હાડમારી

પ્રાંતિજ તા.૧૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજથી પસાર થતો ફોરલેન નેશનલ હાઈવે નં.-૮ વાહનચાલકો માટે હાલ સગવડરૂપને બદલે અગવડરૂપ બન્યો છે. તેમ છતાં વાહનચાલકો પાસેથી તોતિંગ ટોલ ટેક્ષ ઉઘરાવવાનું ચાલુ છે.જેની સામે લોકોમાં રોષની લાગણી વ્યાપી છે. જેના પડઘારૂપે વિપક્ષે ટોલ બંધ કરવા અવાજ બૂલંદ કર્યો છે.સ્થાનિક કક્ષાએ વિરોધ પ્રદર્શન અને રજુઆતો બાદ કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર પાઠવી સત્વરે કામ પૂર્ણ થાય તેવી રજુઆત કરી છે.

વડાપ્રધાનને પાઠવેલ પત્રમાં બારૈયાએ જણાવ્યું છે કે, પ્રાંતિજ તાલુકામાંથી ચિલોડા થી શામળાજી સુધીનો નેશનલ હાઈવે નંબર-૮ પસાર થાય છે.આ ફોરલેન હાઈવેના નવિનીકરણનું કામ છેલ્લા ચાર વર્ષથી ચાલે છે.આ કામમાં ઠેર-ઠેર ઓવરબ્રિજ બનતા હોવાના કારણે ડાયવર્ઝન તેમજ સર્વિસરોડ આપવામાં આવેલ છે.જે રોડ ઉપર મોટા-મોટા ખાડા હોવાના કારણે વાહનોની બબ્બે કિ.મી. લાંબી લાઈનો લાગે છે.આ ૫૦ કિ.મી.નુ અંતર કાપતાં બેથી ત્રણ કલાકનો સમય લાગે છે.ઘણી વખતે દર્દીઓને લઈ જતી એમ્બ્યુલન્સો પણ ફસાઈ જાય છે.જેથી આ રોડનું કામ ઝડપથી પૂર્ણ થાય તે જરૂરી છે. અધુરામાં પુરું ચિલોડા થી શામળાજી સુધીનો હાઈવે સાવ ખાડાખૈયાવાળો બિસમાર હોવા છતાં નેશનલ હાઈવે ઓથોરીટી દ્વારા તગડો ટોલ વસુલવામાં આવે છે.જેથી જ્યાં સુધી રોડનું તમામ કામ પૂર્ણ ના થાય ત્યાં સુધી ટોલટેક્ષ ઉઘરાવવાનું બંધ કરવાં માંગણી કરવામાં આવી છે.

હાલ આ નેશનલ હાઈવે નં.૮ને સિક્સલેન બનાવવાનું કામ ચાલી રહ્યું છે.જેમા પ્રાંતિજ ગામથી માર્કંડેશ્વર મહાદેવ મંદિર તરફ જતા રસ્તે અન્ડરપાસ બનાવવામા આવતો નથી. ગામના સામે ભાગે પશ્ચિમ છેડે આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સ્મશાન ગૃહ, કબ્રસ્તાન,આઈ.ટી.આઈ., પ્રાંતિજના ખેડુતોના ખેતરો તથા ૫૦૦૦ જેટલી વસ્તીનો વસવાટ છે. તેમ છતાં અન્ડરપાસ મૂકવામાં આવ્યો નથી.જેથી સૌને બે કિ.મી.નો ધરમધક્કો પડશે.તો અહીં અન્ડરપાસ બનાવવાની માંગણી કરવામાં આવી છે. ઉપરાંત રસુલપુર તથા તાજપુર ગામ ખાતે પણ અન્ડરપાસ બનાવવાની રજુઆત કરવામાં આવી છે.


Mahendrasinh K. Baraiya (Advocate)
M.L.A. 33-Prantij Legislative Assembly
મહેન્દ્રસિંહ કે. બારૈયા (એડવોકેટ)
ધારાસભ્ય 33-પ્રાંતિજ વિધાનસભા મતવિસ્તાર
તા.૧૦/૦૮/૨૦૨૧
પ્રતિ,
માનનીય નરેન્દ્રભાઈ મોદી સાહેબ
પ્રધાનમંત્રીશ્રી, ભારત સરકાર.
વિષય :- (૧) ગુજરાત રાજ્યના સાબરકાંઠા જીલ્લાના પ્રાંતિજ તાલુકાના કતપુર ટોલ પ્લાઝા ઉપર પ્રાંતિજ તાલુકાના વાહનચાલકોનો ટોલ ટેક્ષ રદ્દ કરવા તેમજ નવીન બને સ્થળે નેશનલ હાઈવે ઉપર પ્રાંતિજ તાલુકાના વાહનચાલકો માટે સર્વિસ રોડની નવીન વ્યવસ્થા આપવા બાબત.
(૨) પ્રાંતિજ તાલુકામાંથી પસાર થતો નેશનલ હાઈવે નંબર-૮ નવીન બને છે જેમાં (A) પ્રાંતિજ ગામથી માર્કંડેશ્વર મહાદેવ તરફ જતા રસ્તે હાઈવે ઉપર અન્ડરપાસ બનાવવા (B) રસુલપુર ગામથી મોજદ ગામ તરફ જતા રોડ હાઈવે ઉપર અન્ડરપાસ બનાવવા (C) તાજપુર ગામના પાટીયા પાસે અન્ડરપાસ બનાવવા.
(૩) ચે.લા.નં.-૮ નું કામ છેલ્લા ચાર વર્ષથી ચાલે છે જે ઝડપથી પૂર્ણ થવા બાબત.
(૪) ચે.લા.નં.-૮ નું કામ પૂર્ણ ન થાય ત્યાં સુધી વાહનચાલકોનો ટોલટેક્ષ લેવાનું બંધ કરવા બાબત.
સાહેબશ્રી,
અમોની આપ સાહેબને આ પત્રથી વૈધિક રજૂઆત સાથ વિનંતી છે કે,
(૧) પ્રાંતિજ તાલુકામાંથી નેશનલ હાઈવે નં.-૮ પસાર થાય છે આ નેશનલ હાઈવે નં.-૮ ઉપર કતપુર ગામના પાટીયા પાસે ટોલટેક્ષ બનાવવામાં આવેલ છે. આ ટોલટેક્ષની આસપાસના ૧૫ કિ.મી. વિસ્તારના લોકોને પ્રાંતિજ તાલુકા મથકે વારંવાર આવવુ પડે છે તે સિવાય અનેક ગામના લોકોને ખેતરોમાં જવા પણ હાઈવેથી પસાર થવુ પડે છે. પ્રાંતિજ ખાતે દવાખાનાં, કોલેજો કચેરીઓના ગામે આવવુ પડે તેમજ સામાજીક ગામે તાલુકાના જ ગામોમાં જવામાં વાહનચાલકોને ટોલટેક્ષ ભરવો પડે છે અને કારણે ખૂબ જ મોટુ આર્થિક ભારણ પડે છે જેથી આપ સાહેબથી આ બાબતે તપાસ કરાવી પ્રાંતિજ તાલુકાના વાહનચાલકોનો
56, Gajanand Society, Approach Road, At & Tal. Prantij - 383 205, Dist. Sabarkantha (Gujarat). • M.: 98795 33494
૧૬, ગજાનંદ સોસાયટી, એપ્રોચ રોડ, મુ.તા. પ્રાંતિજ - ૩૮૩ ૨૦૫, જિ. સાબરકાંઠા (ગુજરાત). • મો. : ૯૮૭૯૫ ૩૩૪૯૪

તો પ્રાંતિજ તાલુકામાં કતપુર ગામે ટોલપ્લાઝા બનાવાયું છે.જેની આસપાસના ૧૫ કિ.મી.વિસ્તારના લોકોને પ્રાંતિજ તાલુકા મથકે અવરજવર માટે પણ ટોલ ટેક્સ ભરવો પડે છે.જેના કારણે નાગરિકોએ આર્થિક બોજ વેઠવો પડે છે.જેથી તેઓના વાહનોનો ટોલ લેવાનું બંધ કરવા માંગણી કરી છે. તો તાલુકાના વાહનો માટે હાઈવેની બાજુમાં સર્વિસ રોડ બનાવવા રજુઆત કરવામાં આવી છે. ત્યારે વડાપ્રધાન મોદી સાબરકાંઠાની જનતાના આ પ્રશ્નનો હલ કરશે ? તેમ પ્રજા પૂછી રહી છે.